| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૦–૦૫–૨૦૦૪ |
| નોંધણી તારીખ | ૧૦–૦૫–૨૦૦૪ |
| ફેંસલ તારીખ | ૦૫–૧૦–૨૦૧૯ |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **૯૩૨ / ૨૦૦૪** |
| **આંક** | **૧૧** |

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી** :– આકાશ દેવનારાયણ મિશ્રા, ઉ.વ.આ.૧૮,
રહે. રામચંદ્ર કોલોની, પુનમભાઈની ચાલી,
ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ.

**એ ડ વો કે ટ સ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે.એચ.પંડયા
આરોપી પક્ષે વિ.વ.શ્રી એ.વી. પટેલ

**ગુનો :– ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ.**

**" જ જ મે ન્ટ "**

(૧) આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આરોપીએ તા.૦૬/૦૫/૨૦૦૪ ના કલાક ૨૧–૦૦ વાગ્યાના સુમારે રામચંદ્ર કોલોની, ચુનીલાલ દુધ ઘર આગળ ફરીયાદી પાસે દુધ લઈ પૈસા માંગતા નહી આપી ખરાબ ગાળો આપી ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલો, તે મુજબની ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં પોલીસે મેઘાણીનગર પો.સ્ટે. સે.ગુ.ર.નં.૩૧૦૪/૨૦૦૪ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીને અટક કરી, આરોપી સામે ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપી કોર્ટમાં હાજર થતાં, આરોપીને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપી સામેના ગુનાના આંક–૫ ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીનું પ્રાથમીક નિવેદન આંક–૬ થી લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. ફરીયાદપક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં આ કામના પક્ષકારોએ આંક–૭ થી સમાધાન પુરસીસ રજુ કરેલી છે. પરંતુ આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ) તથા ૫૦૬(૨) મુજબના ગુના કર્યાનો આક્ષેપ હોય અને તે ગુનાઓ પૈકી ઈ.પી.કો. કલમ ૨૯૪(ખ) મુજબનો ગુનો બીન સમાધાનપાત્ર હોવાથી સમાધાન પુરસીસ મંજુર થઈ શકે તેમ ન હોય સમાધાન પુરસીસ નામંજુર કરવામાં આવે છે અને તે ગુનાની કાર્યવાહી સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

<u>મૌખિક પુરાવો</u> :–

| <u>ક્રમ</u> | <u>પુરાવાનું વર્ણન</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ફરીયાદી ખેમચંદ ચુનીલાલ ચૌધરીની જુબાની | ૮ |

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

| <u>ક્રમ</u> | <u>પુરાવાનું વર્ણન</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૯ |
| ૨ | કલોઝીંગ પુરસીસ | ૧૦ |

(૫) પુરાવાના અંતે આરોપીની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો અને ફરીયાદપક્ષના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૬/૦૫/૨૦૦૪ ના કલાક ૨૧–૦૦ વાગ્યાના સુમારે રામચંદ્ર કોલોની, ચુનીલાલ દુધ ઘર આગળ ફરીયાદી પાસે દુધ લઈ પૈસા માંગતા નહી આપી ખરાબ ગાળો આપી ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ) તથા ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) <u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નંબરઃ–૧</u>**

(૯) ઉભય પક્ષકારોની તમામ રજુઆત ધ્યાનમાં લેતાં બનાવની તારીખ, સમય અને સ્થળ અંગે કોઈ વિવાદ નથી. ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીએ તા.૦૬/૦૫/૨૦૦૪ ના કલાક ૨૧ –૦૦ વાગ્યાના સુમારે રામચંદ્ર કોલોની, ચુનીલાલ દુધ ઘર આગળ ફરીયાદી પાસે દુધ લઈ પૈસા માંગતા નહી આપી ખરાબ ગાળો આપી ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ) તથા ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે, જે હકીકત પુરવાર કરવા આ કામે આંક–૮ થી ફરીયાદી ખેમચંદ ચુનીલાલ ચૌધરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓનો પુરાવો ધ્યાનમાં લેતાં બનાવ તા.૦૬/૦૫/૨૦૦૪ ના રોજ રાત્રીના નવ વાગ્યે તેઓની દુકાન આગળ બનેલો. તેઓને દુધ અને તેની બનાવટો વેચાણની દુકાન છે, આરોપી અવારનવાર તેઓની દુકાનેથી ઉધાર માલ–સામાન લઈ જતા હતા. બનાવ સમયે પૈસાની ઉઘરાણી કરતાં આરોપીએ તેઓની સાથે બોલાચાલી ઝપાઝપી કરેલી, જે બનાવની ફરીયાદ આપેલી તેવી હકીકત જણાવી રજુ થયેલ ફરીયાદ ઉપરની પોતાની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઈ વિ.એ.પી.પી. ધ્વારા સદર ફરીયાદીને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. ઉલ્ટાનું બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી તથા સાહેદે એ વાત ખરી છે કે, આરોપી જોડે સમાધાન થઈ ગયેલ હોઈ હવે કેસ આગળ ચલાવવો નથી તેમ જણાવેલ છે. આમ, ફરીયાદીનો પુરાવો ધ્યાનમાં લેતાં બનાવના દિવસે,

સમયે અને સ્થળે આરોપીએ ફરીયાદીને ગંદી, બીભત્સ ગાળો બોલી તેમજ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૦) જેથી ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી બનાવના દિવસે, સમયે અને સ્થળે ફરીયાદીને ગંદી, બીભત્સ ગાળો બોલી તેમજ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ તરફે શંકારહિત પુરવાર થતી ન હોવાથી મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## " આ ખ રી હુ ક મ "

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આરોપીને ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો. કોડ કલમ ૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૫૦૦૦/– ના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ – ૦૫ માહે ઓકટોબર સને : ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ ૦૫–૧૦–૨૦૧૯.
અમદાવાદ.

**(રાજેશ સુરેશચંદ્ર પુરાણી)**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૭૨૭.